**સાયબર ક્રાઈમ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૭૨૬૦૦૪૯/૨૦૨૬ ગુનાના કામે અરજદાર/આરોપી જયંતી હલદર ની જામીન અરજી લગત હુકમ.**

.......................................................................................

(૧) અરજદાર/આરોપીની જામીન અરજી વંચાણે લીધી. કેસ પેપર્સ વંચાણે લીધા. અરજદાર/આરોપી તરફે વિ.વકિલશ્રી તથા સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. ત.ક.અ.શ્રીએ જામીન અરજી સામે રજુ રાખેલ વાંધા વંચાણે લીધા.

(૨) અરજદાર/આરોપીના વિ.વકીલશ્રીની રજુઆત છે કે, આ કામના અરજદાર/આરોપીને સદરહુ ગુનામા ખોટી રીતે સંડોવી દિધેલ છે. ફરીયાદ મુજબનો કોઇ ગુનો કરેલ નથી. અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે. અરજદાર/આરોપી ૨૧ વર્ષની છે. છ માસનો ગર્ભ છે. પાડોશીએ દસ્તાવેજો માંગતા તેઓએ તમામ કામ કરેલ. ડયુડેટ ડિસેમ્બર માસમાં છે. ફરીયાદ મોડી થયેલ છે. અરજદાર/આરોપી કયાંય નાસીભાગી જાય તેમ નથી. નામ.અદાલત ધ્વારા જે કોઇ શરતો ફરમાવશે તે તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરશે તેમ જણાવી જામીન અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૩) સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, અરજદાર/આરોપી પ્રથમ દર્શનીય રીતે ગુનામા સંડોવાયેલ છે. સદરહું ગુનાની તપાસ હાલ ચાલુ છે. પુરાવા સાથે ચેડા થવાની શકયતા રહેલ છે. ત.ક.અ.શ્રીએ રજુ રાખેલ વાંધા ધ્યાને લઇ હાલની જામીન અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૪) આ કામે બંને પક્ષો પૈકી કોઇએ હાલના આરોપી(ઓ) ધ્વારા કોઇ પણ સક્ષમ અદાલત સમક્ષ હાલની અરજીની સુનાવણી અને/અથવા ન્યાયીક નિકાલ ને અસરકર્તા બને તે મુજબની કોઇ અરજી કરેલ હોય કે આવી કોઇ અરજી નિર્ણયાધીન હોય કે આવી કોઇ અરજી તળે હુકમ કરવામા આવેલ હોવા બાબતે કોઇ રજુઆત કરવામા આવેલ નથી જે ધ્યાને લીધું.

(૫) બંને પક્ષોની રજુઆત ધ્યાને લીધી. આ કામના અરજદાર/આરોપી સામે **ભારતીય ન્યાય સંહીતાની કલમ- ૬૧(૨), ૩૧૮(૪), ૩૧૯(૨) તથા ધી આઈ.ટી.એકટ કલમ-૬૬, ૬૬(સી), ૬૬(ડી)** મુજબનાં ગુનાનો આક્ષેપ છે. કેસ પેપર્સ તથા ત.ક.અ.શ્રીએ રજુ રાખેલ વાંધા ધ્યાને લેતા આરોપીના ખાતામાં ૩૦ લાખની રકમ પ્રથમ લેયરમાં જમા થયેલ છે. જે ગુનામાં આરોપીએ ભજવેલ ભાગ દર્શાવે છે. આરોપીને છ માસનો ગર્ભ છે તેથી રજુઆત કરેલ છે. પરંતુ ગુનામા સક્રિય ભાગ તથા પ્રથમ લેયરમાં લીધેલ ત્રીસ લાખની રકમ વિગેરે પાસાઓને ધ્યાને લેતા, આરોપી તરફે જયારે કોઈ શારીરીક અસ્વસ્થતા, જેલ ખાતે જરૂરી સારવાર મળી શકે તેમ નહી હોવાની કે પોતાને કોઇ નાદુરસ્તી હોવાનો મુદ્દો ઉઠાવવામાં આવેલ ન હોઈ, વિવેકબુદ્ધીની સત્તાનો ઉપયોગ કરવો વ્યાજબી જણાતુ નથી. આમ, કેસ પેપર્સ તથા ત.ક.અ.શ્રીએ રજુ રાખેલ વાંધા વંચાણે લેતા આ કામના અરજદાર/આરોપી પ્રથમ દર્શનીય રીતે ગુનામા સંડોવાયેલ હોવાનું જણાય આવે છે. આમ, અરજદાર/આરોપી સામેની આક્ષેપીત ગુનાની ગંભીરતા, સજાની જોગવાઇ તથા રોલ ધ્યાને લેતા બી.એન.એસ.એસ.૨૦૨૩ ની કલમ-૪૮૦ અન્વયેની વિવેકબુધ્ધિની સત્તાઓ અરજદાર/આરોપીની તરફેણમાં વાપરવી યોગ્ય જણાઇ આવતી ન હોય નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## **-:: હુકમ ::-**

હાલની જામીન અરજી **ના-મંજુર** કરવામા આવે છે.

- હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ:૧૧/૦૮/૨૦૨૬ **(હાર્દીવ કે.વછરાજાની )**
અમદાવાદ. ૨૮મા એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૧,અમદાવાદ સીટી
જજ કોડ નં.જી.જે.૦૧૨૩૧.